ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ
નિગમ લિ., ગાંધીનગરને વહીવટી ગ્રાન્ટ
ફાળવવા બાબત.
રૂ. ૬૬.૬૭ લાખ. વર્ષ ૨૦૧૯-૨૦૨૦

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૭/૩૨૫૨૬૨/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૯/૦૩/૨૦૨૦

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૦૩/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૮/૧૨૦૩૧૯/બ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૭/૩૨૫૨૬૨/અ-૧.

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૪/૦૩/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૧૯-૨૦/૧૮૮-૧૮૯

ઠરાવઃ-

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વહીવટી ગ્રાન્ટ પેટે સને ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં રૂ.૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જેને વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૧૪/૦૩/૨૦૧૯ના ઠરાવ અને વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના આ વિભાગના તા.૨૦/૦૮/૨૦૧૯ના ઠરાવથી આપવામાં આવેલ વહીવટી મંજૂરીમાં આ બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણ હેઠળના ક્રમાંક (૩) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૦૯/૦૮/૨૦૧૯ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.૩૩.૩૩ લાખ વહીવટી ગ્રાન્ટ નિગમને હવાલે મૂકવા મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક (૪) પરના તા.૦૪/૦૩/૨૦૨૦ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે બજેટ જોગવાઇ મુજબની બાકી રહેતી રૂ.૬૬.૬૭ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ તરીકે કરવામાં આવેલ બજેટ જોગવાઇ રૂ. ૧૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા સો લાખ પૂરા) પૈકી બાકી રહેતી રૂ.૬૬.૬૭ લાખ (અંકે રૂપિયા છાસઠ લાખ સડસઠ હજાર પૂરા) ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

(૨) સને ૨૦૧૯-૨૦ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.

(૭) નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૮) જગ્યાઓ ચાલુ રાખવા બાબતે સક્ષમ અધિકારીની મંજૂરી બાદ જ ખર્ચ કરી શકાશે.

(૯) આ અંગેનો ખર્ચ સને ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૧૦) હવે પછીની મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

3. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા.૧૪/3/૨૦૧૯ના ઠરાવ અને વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના તા.૨૦/૦૮/૨૦૧૯ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૧૯/03/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે. એ. ચૌહાણ )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, (બજેટ/ કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૦